For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## નોકરીનો પહેલો દિવસ જ અંતિમ દિવસ બન્યો



### સન ફાર્મા રોડ પર થારની જોરદાર ટક્કર વાગતા ગંભીર ઈજાઓને કારણે યુવાનનું સ્થળ પર મોત

# ઠાકુર સાડીવાળાની પુત્રી ઋષિકાએ ઝોમાટો બોયને ઉડાવ્યો

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

વડોદરાના સન ફાર્મા રોડ પર હીટ એન્ડ રનની ઘટના બની હતી. જેમાં થાર ગાડીએ એક્ટિવા ચાલકને અડફેટે લેતા એક્ટિવા ચાલકનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું. ભીમ તળાવ ટર્નિંગ અને નાયરા પેટ્રોલ પંપ પાસે પૂરપાટ ઝડપે આવી રહેલી એક સફેદ રંગની થાર કારે એક્ટિવા સવારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં થાર ગાડીમાં ઠાકોર સાડીના માલિકની પુત્રીની પોલીસે અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.

વડોદરા શહેરમાં અકસ્માતોના બનાવનો સિલસિલો અટકવાનું નામ નથી લઈ રહ્યો તેવામાં મોડીરાત્રીએ વધુ એક અકસ્માતની ઘટના બની હતી આ અકસ્માતની ઘટના સન ફાર્મા રોડ ઉપર બની હતી .આ અકસ્માત એટલો ભયાનક હતો કે એક્ટિવા ચાલકનું ગંભીર ઈજાઓને કારણે સ્થળ પર જ મોત નીપજ્યું હતું. અકસ્માતની જાણ થતા જ અટલાદરા પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડયો હતો. પોલીસે હાલ અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. ટર્નિંગ પોઈન્ટ પર કારની ગતિ કેટલી હતી અને અકસ્માત કયા સંજોગોમાં સર્જાયો તે જાણવા માટે પોલીસે સીસીટીવી ફૂટેજની પણ મદદ લઈ આગળની તપાસ હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર 28 વર્ષના યુવાન અભિષેક મોરેનું મોત થયું હતું. આવક વધારવા માટે ઝોમાટો સાથે યુવક જોડાયો હતો, કાળ ભરખી જતા યુવકનો પહેલો દિવસ અંતિમ દિવસ રહ્યો હતો. થાર ગાડી યુવતીઓ ચલાવી રહી હતી. પોલીસે ઠાકુર સાડીવાળાના માલિકની પુત્રીની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે.



### પરિવારનો ચિરાગ બુઝાયો, આરોપીને કડકમાં સજા થાય તેવી માગ

કારે જોરદાર ટક્કર મારી હતી કે મારો ભાઇ હવામાં ઉછળીને નીચે પછડાયો હતો. કાર ટર્ન લઇને શેરડીના કોલાવાળાને ટક્કર મારી હતી. મારાભાઇનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. બ્રેક નહી મારતા અકસ્માત થયો હતો. મારા ભાઇ પરિવારમાં માત્ર બહેન છે, જેના લગ્ન ગયા છે અને એકનો એક આ દીકરો હતો. અકસ્માત કરનાર છોકરીઓને કડકમાં કડક સજા થાય તેવી અમારી માંગણી છે. **- સંદિપ મોરે,** મુતકનો પિતરાઇ ભાઈ

### લગ્ન પ્રસંગ પતાવીને ત્રણ યુવતી આવતી હતી ત્યારે ઋશિકા કાર ચલાવતી હતી

ત્રણ યુવતીઓ થાર ગાડીમાં લગ્ન પ્રસંગ પતાવી ચાલક ઋશિકા તેમની મિત્ર તનિષા અને વિસ્મયી પટેલને ઘરે મુકવા આવી રહી હતી. તે દરમિયાન ડિલિવરી બોયને હવામાં ફંગોળ્યો હતો. 19 વર્ષીય આરોપી યુવતી ઋષિકા સદનાનીની ધરપકડ કરાઇ છે. જ્યારે અન્ય બે યુવતી છોડી મુકાઇ છે. ઋશિકા નવરચના યુનિવર્સિટીમાં F.Y માં અભ્યાસ કરે છે. થાર ગાડી ઓવરસ્પીડમાં હતી કે નહીં તે અંગે તપાસ ચાલુ છે. ચાલક યુવતીએ નશો કર્યો હતો કે તેની ચકાસણી કરવા મેડિકલ ચેકઅપ કરવા સાથે વિસેરા પણ લેવાયાં છે. **- મંજિતા વણઝારા,** ડીસીપી ઝોન -2

### પંચનામા માટે પોલીસ લઇ જતા આરોપી યુવતી સાથે ટપલીદાવ

પોલીસ આરોપી યુવતીને પંચનામા માટે લઇ ગઇ હતી. ત્યારે ઉશ્કેરાયેલા યુવકના પરિવારનાસભ્યો સહિતના લોકોએ પોલીસવાનમાંથી ખેચવાનો પ્રયાસ કરવા સાથે ટપલી દાવ પણ કર્યો હતો. આરોપી યુવતીઓને સોંપી દેવા પરિવારે માગણી કરી હતી. ત્યારે આ ઋશિકા સદનાની અલ્કાપુરીમાં આવેલા પ્રખ્યાત ઠાકુર સારીના માલિકની પુત્રી હોવાનું જાણવા મળી રહ્યું છે.

### સંસ્કારી નગરી શિવમય: સુરસાગરના કિનારે રચાશે શિવ ભક્તિનો મહાકુંભ

# શિવજીની સવારી પર પુષ્પવર્ષા કરવા શહેર સજ્જ અમિત શાહની ઉપસ્થિતિમાં ભવ્ય મહાઆરતી

**બપોરે** 3:30 કલાકે રણમુક્તેશ્વર મહાદેવ મંદિરથી શિવજીની સવારી પ્રસ્થાન કરશે

**સાંજે** 7:15 કલાકે સુરસાગર તળાવ સ્થિત સર્વેશ્વર મહાદેવની પ્રતિમા પાસે મહાઆરતી યોજાશે



(પ્રતિનિધિ) વડોદરા તા.14

આજના મહાશિવરાત્રી પવિત્ર પર્વ નિમિત્તે વડોદરાની સંસ્કારી નગરીમાં ભક્તિમય માહોલ જામ્યો છે. આ મહાશિવરાત્રીની ઉજવણી વિશેષ બની રહેશે, કારણ કે ભારત દેશના કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ ખાસ વડોદરાના મહેમાન બનવાના છે. તેઓ સુરસાગર ખાતે યોજાનારી વિશ્વપ્રસિદ્ધ મહાઆરતીમાં ઉપસ્થિત રહી શિવભક્તિમાં લીન થશે.

પરંપરા મુજબ મહાશિવરાત્રીના દિવસે બપોરે 3:30 કલાકે રણમુક્તેશ્વર મહાદેવ મંદિરથી શિવજીની સવારી પ્રસ્થાન કરશે. આ સવારી શહેરના વિવિધ માર્ગો પર ફરીને સાંજે ન્યાય મંદિર પહોંચશે, જ્યાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સવારીનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ, સાંજે 7:15 કલાકે સુરસાગર તળાવ ખાતે સ્થિત સર્વેશ્વર મહાદેવની પ્રતિમા પાસે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સાથે ગુજરાત ભાજપના પ્રદેશ પ્રમુખ અને મંત્રી જગદીશ વિશ્વકર્મા પણ વિશેષ રૂપે ઉપસ્થિત રહેશે. મહાઆરતી પૂર્ણ થયા બાદ અમિત શાહ ઉપસ્થિત શિવભક્તોને સંબોધિત પણ કરશે.

શિવ પરિવારના અગ્રણી મયંક પટેલે જણાવ્યું હતું કે, દર વર્ષની જેમ આ વર્ષે પણ પરંપરાગત રીતે મહાઆરતી યોજાશે. હજારોની સંખ્યામાં ઉમટી પડનારા શિવભક્તોની સુરક્ષા અને સુવિધા માટે તંત્ર સાથે સંકલન કરીને સૂક્ષ્મ પ્લાનિંગ કરવામાં આવ્યું છે. સુરસાગરના કિનારે મહાઆરતી માટે ખાસ સ્ટેન્ડ અને દીવાની વ્યવસ્થા પૂર્ણ કરી દેવામાં આવી છે.

### 9 DCP, 16 ACP, 85 PI, 175 PSI સહિત અધિકારીઓ ખડેપગે રહેશે

## મહાશિવરાત્રીને લઈ પોલીસનો એક્શન પ્લાન, 3500થી વધુ પોલીસ જવાનો તૈનાત

**કેન્દ્રીય** ગૃહ મંત્રીની સુરક્ષા માટે સ્ટેટ રિઝર્વ ફોર્સ અને રેપિડ એક્શન ફોર્સ પણ ખડે પગે તૈનાત થશે



(પ્રતિનિધિ) વડોદરા તા.14

વડોદરા શહેરમાં મહાશિવરાત્રી દરમિયાન નીકળનારી શિવજી કી સવારી દરમિયાન કોઈ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેના માટે પોલીસ વિભાગ દ્વારા એક્શન



પ્લાન બનાવી લેવામાં આવ્યો છે. જેમાં 9 ડીસીપી, 16 એસીપી, 85 પીઆઈ, 175 પીએસઆઇ સહિત 3500 કર્મચારીઓ તથા અધિકારીઓ નો એક્શન પ્લાન તૈયાર કરાયો છે. ઉપરાંત 750 હોમગાર્ડ અને બ્રિગેડ તેમજ 750 ગ્રાહક સુરક્ષા દળના જવાનો ઉપરાંત કેન્દ્રીય ગૃહ મંત્રી આવતા હોય ત્યારે તેમની સુરક્ષા માટે સ્ટેટ રિઝર્વ ફોર્સ અને રેપિડ એક્શન ફોર્સ પણ ખડે પગે તૈનાત કરવામાં આવશે.

યાત્રા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે પોલીસ તંત્ર દ્વારા છેલ્લા એક અઠવાડિયાથી વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. ઉપરાંત યાત્રાના રૂટ પર તથા આસપાસના વિસ્તારોમાં તેમજ મકાનની અગાશી પર ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. ઉપરાંત રૂટ આવતા બંદોબસ્ત પોઈન્ટોનુ નિરીક્ષણ કરી અને આજુબાજુમાં અન્ય ધાર્મિક સ્થળો, શોપિંગ સેન્ટરો, થીયેટર તેમજ હાઈરાઈઝ બિલ્ડીંગોના બેઝમેન્ટ પાર્કિંગનું ચેકિંગ કરવામાં આવ્યું હતું.

મહાશિવરાત્રી દરમિયાન નીકળનારી શિવજી કી સવારી લઈને પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે પ્રેસ કોન્ફરન્સનું સંબોધન કરતાજણાવ્યું હતું કે મહાશિવરાત્રીની તહેવારને લઈને પોલીસ એક્શનમાં આવી ગયું છે. ત્યારે આજે તહેવાર પૂર્વે શિવજી કી સવારના રુટ પર સતત ફુટ પેટ્રોલિંગ તથા રુટ નિરીક્ષણ કરાયું હતું. પીસીબી, એસઓજી અને ડીસીબી સહિતના વિવિધ ટીમો દ્વારા સંદેવનશીલ તથા અતિસંવેદનશીલ વિસ્તારોમાં ચકાસણી પણ કરાઈ છે. બીજી તરફ શિવજી કી સવારી સહિત અન્ય 23 જગ્યા પર પુજા આરતી સહિતના કાર્યક્રમો યોજાવાના છે ત્યારે પોલીસે આયોજક સાથે મીટિંગ કરી ચર્ચા પણ કરી છે. કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેના માટે પોલીસ સતત એલર્ટ થઈને કામગીરી કરી રહી છે.સોશિયલ મીડિયા પર પણ અસામાજિક તત્વો દ્વારા વડોદરા શહેરનું વાતાવરણ ન ડહોળાઈ તેના માટે સાયબર ક્રાઈમ પોલીસને સતત સોશિયલ મીડિયા પર નજર રાખવા માટેની પણ સૂચના આપી દેવામાં આવી છે.

# આજે BCAની ચૂંટણીમાં પ્રતિષ્ઠાનો જંગ

## રિવાઈવલ V/S રોયલ-સત્યમેવ જયતે ગ્રુપ વચ્ચે સીધી ટક્કર

**રિવાઈવલ જૂથ** દ્વારા પોતાના વિકાસકામો અને ક્રિકેટ અનુભવના આધારે મતદારોને રીઝવવા પ્રયાસ

**રોયલ-સત્યમેવ જયતે જૂથ** પરિવર્તન અને પારદર્શિતાના નારા સાથે મેદાનમાં ઉતર્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.14

બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) ના વહીવટ માટે રવિવારે યોજાઈ રહેલી ચૂંટણીમાં પ્રતિષ્ઠાનો જંગ સર્જાયો છે. પ્રમુખ સહિત કુલ 31 પદો માટે રિવાઈવલ જૂથ અને રોયલ-સત્યમેવ જયતે જૂથ આમને-સામને છે. ચૂંટણી પૂર્વે તમામ તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં આવી છે અને રવિવારે પંડ્યાબ્રિજ ઉતરતાં BCAના સભ્યની પ્રોપર્ટીમાં મતદાન પ્રક્રિયા હાથ ધરાશે.

આ ચૂંટણીમાં કુલ 2064 મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. બરોડા ક્રિકેટના ભવિષ્યની દિશા નક્કી કરતી આ ચૂંટણીને લઈ બંને જૂથોએ એડીચોટીનું જોર લગાવ્યું છે. રિવાઈવલ જૂથ પોતાના વિકાસકામો અને ક્રિકેટ અનુભવના આધારે મતદારોને રીઝવવા પ્રયાસ કરી રહ્યું છે, જ્યારે રોયલ-સત્યમેવ જયતે જૂથ પરિવર્તન અને પારદર્શિતાના નારા સાથે મેદાનમાં ઉતર્યું છે.

પ્રમુખ પદ માટે રિવાઈવલ જૂથ તરફથી પૂર્વ ભારતીય ક્રિકેટ ટીમના વિકેટકીપર કિરણ મોરે ઉમેદવાર છે, જે પોતાના અનુભવ અને સ્ટેડિયમ નિર્માણ સહિતના વિકાસ કાર્યોને મુખ્ય મુદ્દા બનાવી રહ્યા છે. જ્યારે તેમની સામે રોયલ-સત્યમેવ જયતે જૂથના દર્શન બેંકર અગાઉના વહીવટ અને ભ્રષ્ટાચારના મુદ્દે આક્રમક પ્રચાર કરી રહ્યા છે.

ચૂંટણીને પારદર્શક અને શિસ્તબદ્ધ બનાવવા મુખ્ય ચૂંટણી અધિકારી દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. મતદારયાદીમાં નોંધાયેલા 2094 નામોમાંથી 70 સભ્યો અંગે પ્રશ્નાર્થ ઊભો થતાં અંતિમ યાદી વેબસાઈટ પર અપલોડ કરવામાં આવી છે. અવસાન પામેલા સભ્યો માટે મરણનો દાખલો Google Form મારફતે અપલોડ કરવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

### BCA ચૂંટણી પૂર્વે રિવાઇવલ-31 પેનલ તરફથી સભ્યોને અપીલ


## પ્રમુખપદ માટે કિરણ મોરેને પ્રણવ અમીનનો ખુલ્લો સમર્થનપત્ર

(પ્રતિનિધિ) વડોદરા તા.14

બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA)ની 15 ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણી પૂર્વે રાજકીય માહોલ ગરમાયો છે. રિવાઈવલ-31 પેનલ તરફથી એસોસિએશનના સભ્યોને સંબોધીને એક ખુલ્લી અપીલ જાહેર કરવામાં આવી છે, જેમાં વર્તમાન પ્રમુખ પ્રણવ અમીને પોતાના કાર્યકાળની સિદ્ધિઓ રજૂ કરતા આગામી પ્રમુખ તરીકે પૂર્વ આંતરરાષ્ટ્રીય ક્રિકેટર કિરણ મોરેને ખુલ્લું સમર્થન આપ્યું છે.

આ અપીલમાં પ્રણવ અમીને જણાવ્યું છે કે બરોડા ક્રિકેટ માત્ર એક સંસ્થા નહીં પરંતુ પેઢીઓથી આગળ વધતી વારસાગાથા છે, જેને સ્થિરતા, પારદર્શિતા અને દ્રષ્ટિ સાથે આગળ ધપાવવાની જરૂર છે. પોતાના કાર્યકાળ દરમિયાન રિવાઈવલ ટીમ સાથે મળીને બીસીએને મજબૂત વહીવટી પાયો આપવા પ્રયાસ કરાયો હોવાનું તેમણે જણાવ્યું છે.

અપીલમાં છેલ્લા કાર્યકાળની મહત્વપૂર્ણ સિદ્ધિઓ તરીકે બીસીએ ઈન્ટરનેશનલ સ્ટેડિયમનું પૂર્ણતા



પામવું અને તેમાં 27થી વધુ આંતરરાષ્ટ્રીય મેચોની સફળ યજમાની, લાંબા સમયથી બાકી રહેલી AGM પૂર્ણ થવાથી BCCIના ફંડ્સ ખુલ્લા થવા, ખેલાડીઓ માટે સુવિધાઓમાં સુધારો અને પુરુષ તથા મહિલા ક્રિકેટરો માટે પેન્શન યોજના શરૂ કરવાનું ઉલ્લેખાયું છે.

પ્રણવ અમીને જણાવ્યું છે કે તેઓ સંતોષ સાથે પદ છોડીને જઈ રહ્યા છે અને બરોડા ક્રિકેટની ગતિ જળવાઈ રહે તે માટે કિરણ મોરે યોગ્ય ઉમેદવાર હોવાનું માને છે. તેમણે સભ્યોને ચૂંટણી દિવસે રિવાઈવલ-31 પેનલના સમર્થનમાં મતદાન કરવા અપીલ કરી છે.

### કલર કોડ મુજબ મતદાન વ્યવસ્થા

મતદાન પ્રક્રિયાને સરળ બનાવવા **2064** મતદારોને ચાર કલર કોડમાં વહેંચવામાં આવ્યા છે

ગ્રીન: **1 થી 500**

બ્લુ: **501 થી 1000**

રેડ: **1001 થી 1500**

યલો: **1501 થી 2064**

મતદારો પોતાના કલર કોડ મુજબ નિર્ધારિત ટેબલ પર જઈ મતદાન કરશે.

### બેલેટ પેપર કલેક્ટરની કસ્ટડીમાં રાખવા માગ



રોયલ-સત્યમેવ જયતે જૂથના જતીન વકીલે ચૂંટણી કમિશનરની કામગીરી પર શંકા વ્યક્ત કરતા બેલેટ પેપર કલેક્ટરની કસ્ટડીમાં રાખવાની માંગ કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ચૂંટણી પ્રક્રિયામાં પારદર્શિતાનો અભાવ છે અને હાઇકોર્ટના આદેશની અવગણના થઈ રહી છે.

### "બદલાવ લાવવાની જવાબદારી વોટર મેમ્બર્સની" : ઈરફાન પઠાણ



પૂર્વ ભારતીય ક્રિકેટર ઈરફાન પઠાણે જણાવ્યું હતું કે, "બરોડા ક્રિકેટમાં બદલાવ જરૂરી છે. કોચિસ બરોડા છોડીને બહાર કેમ જાય છે, તે વિચારવું પડશે. આ બદલાવ લાવવાની જવાબદારી વોટર મેમ્બર્સની છે. સાચો નિર્ણય લેવાશે તો જ વડોદરાનું ક્રિકેટ આગળ વધશે."

### મોંઘા મકાનોના ક્રેઝ વચ્ચે મધ્યમ વર્ગના બજેટ ખોરવાયા; પોસાય તેવા ઘરની અછતથી વેચાણના વોલ્યુમમાં ગાબડું

# વડોદરાના રિયલ એસ્ટેટમાં 'બ્રેક': પ્રોપર્ટીના વેચાણમાં 19%નો ઘટાડો!

**મધ્યમ** વર્ગના ખરીદદારો અત્યારે 'થોભો અને રાહ જુઓ' ની નીતિ અપનાવી રહ્યા હોય




(પ્રતિનિધિ) વડોદરા તા.8

દેશના ટિયર-2 શહેરોમાં રિયલ એસ્ટેટ માર્કેટમાં છેલ્લા કેટલાક સમયથી મંદીનો માહોલ જોવા મળી રહ્યો છે, જેમાં વડોદરામાં પ્રોપર્ટીના વેચાણમાં 19% નો નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે. પ્રોપઈક્વિટીના તાજેતરના અહેવાલ મુજબ, વધતા જતા ભાવો અને બદલાતી જતી ગ્રાહકોની પસંદગીના કારણે વડોદરા સહિતના શહેરોમાં વેચાણના વોલ્યુમમાં મોટો ફેરફાર જોવા મળ્યો છે.

રિયલ એસ્ટેટ ડેટા એનાલિટિક પ્લેટફોર્મ 'પ્રોપઈક્વિટી' ના આંકડા દર્શાવે છે કે વડોદરામાં અગાઉના વર્ષે કુલ 17,045 યુનિટ્સનું વેચાણ થયું હતું, જે વર્ષ 2025માં ઘટીને માત્ર 13,798 યુનિટ્સ પર આવી ગયું છે. આ 19% નો ઘટાડો એ બાબત તરફ ઈશારો કરે છે કે મધ્યમ વર્ગ માટે પોસાય તેવા એફોર્ડેબલ મકાનોની અછત વર્તાઈ રહી છે.

નિષ્ણાતોના મતે, વડોદરામાં જમીનના ભાવ અને બાંધકામ ખર્ચમાં થયેલો તોતિંગ વધારો મુખ્ય કારણ છે. અગાઉ વડોદરામાં 1 કરોડથી ઓછી કિંમતના મકાનોની માંગ સૌથી વધુ રહેતી હતી, પરંતુ હવે ડેવલપર્સ દ્વારા લક્ઝરી પ્રોજેક્ટ્સ પર વધુ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. પરિણામે, મધ્યમ વર્ગના ખરીદદારો અત્યારે 'થોભો અને રાહ જુઓ' ની નીતિ અપનાવી રહ્યા હોય તેમ જણાય છે.

### ગુજરાતના અન્ય શહેરોની સ્થિતિ

**સુરત:** વેચાણમાં 15% નો ઘટાડો (23,342 થી ઘટીને 19,835 યુનિટ).

**અમદાવાદ:** 8% નો ઘટાડો નોંધાયો છે, જોકે અમદાવાદ હવે ટિયર-2 માંથી ટિયર-1 શ્રેણીમાં પ્રવેશી ચૂક્યું છે.

**ગાંધીનગર:** અહીં પણ વેચાણમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે.

### વડોદરા રિયલ એસ્ટેટ: એક નજરે

**19%** ગુજરાતમાં સૌથી વધુ ઘટાડો ધરાવતું શહેર.

**17,045** યુનિટથી ઘટીને **13,798** યુનિટ.

**મુખ્ય કારણ: 1 કરોડ**થી નીચેના મકાનોના સપ્લાયમાં ઘટાડો અને લક્ઝરી સેગમેન્ટમાં વધતી જતી લોન્ચિંગ.

વેચાણ ઘટવા છતાં પ્રોપર્ટીના **ભાવમાં સતત વધારો** જોવા મળી રહ્યો છે.

### મંદી પાછળ 'મોંઘી લોન અને GST' મુખ્ય જવાબદાર

બેંકો દ્વારા રેપો રેટમાં ઘટાડો ન કરાતા હોમ લોન મોંઘી પડી રહી છે, જેના કારણે સામાન્ય માણસ હપ્તાના ભારણને લીધે ઘર ખરીદવાનું ટાળી રહ્યો છે. આ ઉપરાંત, GSTમાં 20% જેવો તોતિંગ વધારો થતા મકાનોની મૂળ કિંમતમાં સીધો ઉછાળો આવ્યો છે. એક તરફ બાંધકામ ખર્ચ વધ્યો છે અને બીજી તરફ ટેક્સના ભારણે મકાનો 20% મોંઘા કરી દીધા છે. જો સરકાર અને બેંકો વ્યાજદરમાં રાહત આપે, તો જ આગામી સમયમાં વેચાણમાં તેજી આવી શકે તેમ છે. **- પ્રીતેશ શાહ,** બિલ્ડર (પૂર્વ પ્રમુખ ક્રેડાઇ વડોદરા)

### રાજ્યના હાઈવે માટે 4583 કરોડ ફાળવાયા, આદિવાસી બેલ્ટનો મોટો ફાયદો થશે

# દાહોદથી વાપી સુધીના કોરિડોરને અપગ્રેડેશનની કેબિનેટની મંજૂરી

**108 કિ.મી.ના** નેશનલ હાઇવે-56ને ફોર લેન બનાવાશે, હાઇવે થી એસઓયુ સુધીની કનેક્ટિવિટી મજબૂત થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.14

ગુજરાતના હાઈવે માટે કેન્દ્રીય કેબિનેટે મંજૂરી આપી છે. આદિવાસી બેલ્ટમાં આવતા હાઈવે નંબર 56 ના બે બ્લોકને ફોરલેન બનાવવા માટેની મંજૂરી અપાઈ છે. હાઈવેના અપગ્રેડેશન હેઠળ ધમાસીયા બીટાળા તથા નસારપોર મલોથા સેક્શનને ફોરલેન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ 4,583 કરોડ રૂપિયાનો ખર્ચ કરાશે. 108 કીમીના આ નેશનલ હાઈવેને ફોર લાઈન કરવાની મંજૂરી મળતા હાઈવેથી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીની કનેક્ટિવિટી પણ મજબૂત થશે.

ગુજરાતમાં NH-56જના અપગ્રેડેશન



હેઠળ ધમાસિયા-બિટાડા અને નસારપોર-મલોથા સેક્શનને ફોર-લેન બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટ પાછળ 4,583 કરોડ રુપિયાનોનો ખર્ચ કરવામાં આવશે. સરકાર દ્વારા 1 લાખ કરોડ રુપિયાના ફંડને મંજૂરી આપવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરોને આધુનિક અને શ્રેષ્ઠ બનાવવાનો છે. આ યોજના હેઠળ ખાનગી રોકાણને આકર્ષવા, સ્માર્ટ સિટી, ટ્રાન્સપોર્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર માળખાગત સુવિધાઓમાં સુધારો કરવો અને માર્કેટ-ડ્રિવન શહેરી વિકાસને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય છે. આ ફંડથી શહેરોમાં મોટા પાયે વિકાસ પરિયોજનાઓ શરુ થશે. ધમાસિયા બીટાળા હેઠળ છોટાઉદેપુર તથા નર્મદા જિલ્લાના જ્યારે નસારપોર મલોથા સેક્શન હેઠળ સુરત અને તાપી જિલ્લામાંથી પસાર થતા હાઈવેના માર્ગો પણ આવી જાય છે. આ માર્ગો ફોર લેન થવાથી આદિવાસી બેલ્ટને ઘણો મોટો ફાયદો થશે.

### 1 લાખ કરોડનું અર્બન ચેલેન્જ ફંડ

સરકાર દ્વારા 1 લાખ કરોડ રુપિયાના ફંડને મંજૂરી આપવામાં આવી છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય શહેરોને આધુનિક અને શ્રેષ્ઠ બનાવવાનો છે. આ યોજના હેઠળ ખાનગી રોકાણને આકર્ષવા, સ્માર્ટ સિટી, ટ્રાન્સપોર્ટ, ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાળખાગત સુવિધાઓમાં સુધારો કરવો અને માર્કેટ-ડ્રિવન શહેરી વિકાસને પ્રોત્સાહન આપવાનું લક્ષ્ય છે. આ ફંડથી શહેરોમાં મોટા પાયે વિકાસ પરિયોજનાઓ શરુ થશે.